# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/MCH/FAP/01/2015-16. Dt.10/11/2015.
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ.

અરજદાર શ્રી જશવંતસિંહ પ્રભાતસિંહ રાજપૂત , ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવેલ પ્રથમ અપીલની સુનાવણી આજ રોજ તા.૩૦/૧૨/૧૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં અપીલ અધિકારી મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટરશ્રીની કચેરીમાં રાખવામાં આવેલી છે. તેમાં અત્રેની કચેરીમાં, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના જાહેર માહિતી અધિકારી તરીકે ઈ.ચા.આર.એમ.ઓ. પ્રતિમા બેન ગજીવાલા તેમજ અરજદાર હાજર રહયા હતા.

જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા કરવામાં આવેલ રજુઆત અને ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા પ્રાપ્ત થયેલી હકીકત નીચે દર્શાવી છે.

અરજદાર ::– શ્રી જશવંતસિંહ પ્રભાતસિંહ રાજપૂત.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ શ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી જશવંતસિંહ પ્રભાતસિંહ રાજપૂતની આરટીઆઈની તા.૩૧/૦૭/૧૫ ની (આઈ.ડી.નં.૭૪૩) ની અરજી જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ કચેરીને કરેલ જે અરજી તા.૧૨/૦૮/૧૫ ના રોજ અરજી મળેલ છે. જે નં.એમ.સી.એચ./ઈન/૭૪૩ નોંધાયેલ છે. અરજીથી અરજદારે કુલ–૭ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે નીચે મુજબ છે.

મુદ્દા નં.૦૧. નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ દરમ્યાન મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતેની સાધનોની ખરીદી માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડરોની વિગતની પ્રમાણિત નકલ આપવા વિનંતી છે.

મુદ્દા નં.૦૨. આમાના કેટલા ટેન્ડરો દફતરે કર્યા ? કોના અભિપ્રાયથી ? અને કોની મંજુરીથી ? તેની સંપૂર્ણ વિગતની પ્રમાણિત નકલ આપવા વિનંતી.

મુદ્દા નં.૦૩. **અ.** આમાનાં કેટલા ટેન્ડરો મંજુર કરવામાં આવ્યા ? મંજુર / ના મંજુર ટેન્ડરોમાં સ્મીમેર / મસ્કતિનાં એક્ષ્પર્ટ / ડોકટરોએ જે કંપનીનાં સાધનો માટે આપેલા લેખિત અભિપ્રાયના પત્રકોની વિગતવાર પ્રમાણિત નકલો આપશોજી. મળેલ અભિપ્રાયની ચકાસણી કયા અધિકારીએ કરી ? તેમનો રીપોર્ટની પ્રમાણિત નકલ આપવા વિનંતી છે.

**બ.** જે તે ટેન્ડરમાં મંજુર થયેલા સાધનો/ઈકવીપમેન્ટનાં ડેમોસ્ટ્રેશન લેવામાં આવેલું હોય તેની વિગત જેવી કે, ડેમોનું સ્થળ, ડેમો લેનાર ડોકટરનું નામ, તેમનો આ બાબતનો અભિપ્રાય જે તે સાધનનું નામ, વિગેરેની વિગતવાર માહિતીની પ્રમાણિત નકલ આપવા વિનંતી છે.

મુદ્દા નં.૦૪. આ એક્ષ્પર્ટ ડોકટરની ભલામણો અંગે કોર્પોરેશનની ટેન્ડર સ્કુટીની મિટિંગમાં ચબહ તરફથી કોઈ સુચનો/વાંધાઓ ઉઠાવવામાં આવેલા કે કેમ ? અને જો હા તો તેની સંપૂર્ણ વિગતોની પ્રમાણિત નકલો આપવા વિનંતી.

મુદ્દા નં.૦૫.આ અભિપ્રાય પ્રમાણે સાધનો ખરીદવા માટે સ્થાયી સમિતિનો ઠરાવની પ્રમાણિત નકલ આપવા વિનંતી.

મુદ્દા નં.૦૬. જે તે સાધનો ખરીદવા ઈસ્યુ કરવામાં આવેલ ઓર્ડરની પ્રમાણિત નકલો આપવા વિનંતી.

મુદ્દા નં.૦૭.આ સમયગાળા દરમ્યાન, ટેન્ડર પધ્ધતિ સિવાય અન્ય કોઈ રીતે ખરીદી કરવામાં આવી હોય તો તેની સંપૂર્ણ વિગતની પ્રમાણિત નકલો આપવા વિનંતી.

જે અન્વયે જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી અરજદાર મજકુરને પત્ર નં.એમસીએચ/આઉટ/૧૨૩૬ તા.૦૯/૦૯/૧૫ થી ઉપરોકત માંગેલ માહિતી અંગેનો જવાબ પાઠવેલ છે. જે મળેલ પ્રત્યુત્તર થી નારાજ થઈ અરજદારે તા.૩૦/૦૯/૧૫ ની પ્રથમ અપીલ, અપીલ અધિકારી

મસ્કતિ હોસ્પિટલને ઉદ્દેશીને કરેલ છે. જે તા.૧૦/૧૧/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જે નં.એમ.સી.એચ./ઈન/૧૨૦૮ થી નોંધાયેલ છે.

ઉપરોકત વિગતે અરજદારની આરટીઆઈની અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા પત્ર નં.એમસીએચ/આઉટ/૧૨૩૬ તા.૦૯/૦૯/૧૫ થી અરજદારની આરટીઆઈની મુળ અરજી પરત્વે પ્રત્યુત્તર આપવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદાર ધ્વારા અપીલ અરજી સંદર્ભે પ્રથમ અપીલ અધિકારી શ્રી મસ્કતિ હોસ્પિટલને અપીલ કરી જણાવેલ છે કે તેઓની આરટીઆઈની અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ જવાબ મળેલ નથી. જેથી માહિતી અધિકાર નિયમ હેઠળ વિનામૂલ્યે પૂરી પાડવા જણાવેલ છે.

અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અરજદારને અનુક્રમે પત્ર નં.એમસીએચ/આઉટ/૨૧૨૬ તા.૨૭/૧૧/૧૫ થી તા.૦૪/૧૨/૧૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ,પરંતુ અરજદારે તા. ૦૨/૧૨/૧૫ ના રોજ પત્ર લખી ઉપરોકત તારીખ અનુકુળ ન હોય અન્ય તારીખ ફાળવી આપવા વિનંતી કરેલ જે ધ્યાને લઈ અપીલની ફરી સુનાવણી તા. ૩૦/૧૨/૧૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ હતી. જે બાબતે અરજદારને રૂબરૂ બોલાવી સંમતિ લેવામાં આવેલ છે.અપીલ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારની રજુઆત ધ્યાને લઈ હું અપીલ અધિકારી અરજદારની અપીલ અરજી માન્ય રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અપીલ અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની રૂબરૂ આજરોજની સુનાવણી અને ઉપલબ્ધ રેકોર્ડનો અભ્યાસ કરતા અરજદારે માંગેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૦૭ (૬) મુજબ અરજદારને વિના મૂલ્યે દિન – ૦૭ માં પૂરી પાડવા અને તેની અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને હુકમ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના હુકમથી નારાજ હોય તો, હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર સચિવશ્રી ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગીભવન, બ્લોક નં. ૦૧, બીજો માળ , નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને બીજી અપીલ કરી શકશે.

નં.એમ.સી.એચ./આઉટ/
તા.    /   /૨૦૧૫

અપીલ અધિકારી અને
મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર
(મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ)
(ડો.એચ.ડી.દુધવાલા)
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના : જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ પ્રતિ.... જાણ તથા અમલ માટે.

નકલ રવાના : શ્રી જશવંતસિંહ પ્રભાતસિંહ રાજપૂત ,નવા બરોડા, પ્રિસ્તેજ,વરાછા રોડ, ગાયત્રી ફુટવેર પાસે, ભવાની ફરસાણ સામે, સુરત–૦૬ તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.

નકલ રવાના : આર.ટી.આઈ.સેલ પ્રતિ .... જાણ સારૂ.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/MCH/FAP/01/2015. Dt.15/01/2015.
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ.

અરજદારશ્રી જનક ભુપેન્દ્રભાઈ ભટ્ટ ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવેલ પ્રથમ અપીલની સુનાવણી આજ રોજ તા.૨૩/૦૩/૧૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં અપીલ અધિકારી મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટરશ્રીની કચેરીમાં રાખવામાં આવેલી છે. તેમાં અત્રેની કચેરીમાં, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના જાહેર માહિતી અધિકારી ડો. એસ.એચ. જોધાણી હાજર છે. અરજદાર હાજર રહયા નથી.

જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા કરવામાં આવેલ રજુઆત અને ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા પ્રાપ્ત થયેલી હકીકત નીચે દર્શાવી છે.

અરજદાર ::– શ્રી જનક ભુપેન્દ્રભાઈ ભટ્ટ.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ શ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી જનક ભુપેન્દ્રભાઈ ભટ્ટની આરટીઆઈની તા.૧૩/૧૧/૧૪ ની (આઈ.ડી.નં.૧૭૯૨) ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ) કચેરીના પત્ર.નં.સી/૩૧૯૨ તા.૨૮/૧૧/૨૦૧૪ થી જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી નં.એમ.સી.એચ./ઈન/૧૧૭૫ તા.૦૧/૧૨/૧૪ થી પ્રાપ્ત થયેલ છે. જે અરજીથી અરજદારે તેમની અરજી/ફરીયાદ પર થયેલી સંપુર્ણ કાર્યવાહી અને રેકર્ડ આધારીત ફાઈલ નોટીંગની નકલ વિગેરે બાબતે કુલ–પ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે નીચે મુજબ છે.

મુદ્દા નં.૦૧. મારી અરજી / ફરીયાદ પર થયેલી સંપૂર્ણ કાર્યવાહી અને રેકોર્ડ આધારીત ફાઈલ નોટીંગની નકલ આપશો.

મુદ્દા નં.૦૨ અરજી પર કોને કોને કાર્યવાહી કરવા સુચન કરવામાં આવ્યું અને જે તે અધિકારીએ લીધેલા પગલાની માહિતી આપશો.

મુદ્દા નં.૦૩ કચેરીના નિયમ અથવા સીટીઝન ચાર્ટર પ્રમાણે આવી અરજીના નિકાલની નિર્ધારીત સમય મર્યાદા વિશેની માહિતી આપશો.

મુદ્દા નં.૦૪. જો મારી અરજીમાં સમય મર્યાદા અને બીજા નિયમોને ઉલ્લંઘન થયુ હોય તો જે તે દોષી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી થઈ હોય તો તેના પુરાવા આપશો. આ મામલામાં કયાં ફરિયાદ કરી શકુ એવા અધિકારી અને સંસ્થાના નામ અને સરનામું આપવું.

મુદ્દા નં.૦૫. કયાં મંત્રાલયને આધિન તમારી સંસ્થા આવે છે. તેનુ નામ અને સરનામું અને મુખ્ય સચિવનું નામ અને સરનામું આપવું. વેબસાઈટની વિગત પણ આપવી.

જે અન્વયે જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી અરજદાર મજકુરને પત્ર નં.એમસીએચ/આઉટ/૧૮૪૭ તા.૧૧/૧૨/૧૪ થી ઉપલબ્ધ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ, તથા નકલ ચાર્જીસ રૂા.૪૦/– ભરવાનું જણાવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારે પોતાને જરૂરી નકલ નંગ–૦૯ રૂા.૧૮/– સામાન્ય પહોંચ નં.૨૧૮૦૨૮ તા.૧૭/૧૨/૧૪ના રોજ સ્વેચ્છાએ લઈ ગયેલ છે. જે મળેલ પ્રત્યુત્તર થી નારાજ થઈ તા.૧૩/૦૧/૧૫ ના રોજ અરજદારે પ્રથમ અપીલ, અપીલ અધિકારી મસ્કતિ હોસ્પિટલને ઉદ્દેશીને અપીલ અરજી નં.૦૧ નં.એમ.સી.એચ./ઈન/૧૩૮૩ તા.૧૫/૦૧/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે અરજદારની આરટીઆઈની અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા પત્ર નં.એમસીએચ/આઉટ/૧૮૪૭ તા.૧૧/૧૨/૧૪ થી અરજદારની આરટીઆઈની મુળ અરજી પરત્વે પ્રત્યુત્તર આપવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદાર ધ્વારા અપીલ અરજી સંદર્ભે પ્રથમ અપીલ અધિકારીશ્રી મસ્કતિ હોસ્પિટલને અપીલ કરી જણાવેલ છે કે તેઓની આરટીઆઈની અરજીના મુદ્દા પરત્વેની માહિતી અધુરી મળેલ છે તથા ગેરમાર્ગે દોરવાની કોશિશ થયેલ છે તેમ જણાવી તેઓને પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ થયેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ અરજીના

મુદ્દા નં.૧ અપાયેલ જવાબમાં સંબોધન પછીની ત્રીજી લીટીમાં " મસ્કતિ ધમાર્થ હોસ્પીટલને લાગત મુદ્દા * નીચે મુજબ છે. * ઈન્વર્ટેડ કોમામાં વાકયની ખાલી જગ્યામાં * કરેલી જગ્યાએ લખેલ આંકડો છેકી કાઢવામાં આવેલ છે જેની સ્પષ્ટતા કરવી ચોકકસ જ કશુ છુપાવવાનો પ્રયાસ લાગે છે.

મુદ્દા નં.૨ મારી તા.૧૧/૧૨/૧૩ની મુળ અરજી ઈનવર્ડ નં.ડી/૮૩૬૭ અંગે કાર્યવાહીની નકલો આપવાનું જવાબમાં જણાવેલ છે.પરંતુ તેમાં ફકત જેની સામે ફરીયાદ હતી તે મેડીકલ ઓફિસર તેમજ ઓર્થો સર્જનના જવાબ સામેલ છે. પરંતુ તેની ઉપર તપાસ અધિકારીએ શું કાર્યવાહી કરી અને શું હુકમ આપ્યો તે અંગે કોઈપણ માહિતી આપયેલ નથી. એનો મતલબ એવો કહી શકાય કે, તપાસ અધિકારીએ કોઈ કાર્યવાહી કરી નથી ?

મુદ્દા નં.૩ મારી તા.૧૧/૧૨/૧૩ની અરજી અંગે માહિતી અધિકાર હેઠળની અરજી કરી ત્યાં સુધી આપે મને કોઈ જવાબ આપ્યો ન હતો. તમે મુદ્દા નં.૦૩માં કહયા મુજબ તાત્કાલિક નિકાલ કર્યો હોય તો તે અંગે મને જાણ શા માટે કરી ન હતી ?

મુદ્દા નં.૪. ૦૫માં કયાં મંત્રાલયને આધિન આપની સંસ્થા આવે છે. તેનું નામ, સરનામુ, મુખ્ય સચિવનુ નામ અને સરનામુ અને વેબસાઈટની વિગત માંગેલી હતી. જે આપવામાં આવી નથી.

મુદ્દા નં.૫ અરજદારને માહિતી આપવાની જગ્યાએ ધમકાવવાનો પ્રયાસ શા માટે કરવામાં આવ્યો અને તે અંગે તપાસ અધિકારીએ શા પગલા ભર્યા એની પણ માહિતી આપશો.

મુદ્દા નં.૬ મારી અરજીમાં જે પણ કોઈ સવાલો મેં ઉઠાવેલ હતા તે અંગે તપાસ અધિકારીએ કોઈ તપાસ કરેલ છે કે કેમ તેમજ મારા સવાલના જવાબ તપાસ અધિકારીએ કોઈ તારણ કે હુકમ કરેલ હોય તો તેની માહિતી મને અપાઈ નથી.

મુદ્દાનં.૭ મારી મુળ અરજી (તા.૧૧/૧૨/૧૩) પર કાર્યવાહી થઈ નથી તો હું કયાં ફરીયાદ કરી શકુ એ અધિકારી અને સંસ્થાના નામની વિગતો આપવી.

અરજદારની આર.ટી.આઈ.ની અરજી તથા અપીલ અરજીમાં અમુક મુદ્દાઓમાં ભિન્નતા જણાય છે. જે અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અરજદારને અનુક્રમે પત્ર નં.એમસીએચ/આઉટ/૨૨૦૭ તા.૨૧/૦૧/૧૫ થી તા.૦૬/૦૨/૧૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ, તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા પરંતુ જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ રજા પર હોય, હાજર રહયા ન હતાં. જેથી સદર દિને અરજદારની રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી, ત્યારબાદ અરજદારે તા.૧૮/૦૨/૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ફરીથી સુનાવણી રાખવા અર્થે સુચન કરેલ હતું તે માન્ય રાખી અત્રેથી પત્ર નં.એમસીએચ/આઉટ/૨૩૩૪ તા.૦૬/૦૨/૧૫ થી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ સદર દિને અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હતાં. જેથી ફરી તક આપવા તેઓને રૂબરૂ સુનાવણી અર્થે પત્ર નં.એમસીએચ/આઉટ/૨૫૭૮ તા.૧૦/૦૩/૧૫ થી તા.૨૩/૦૩/૧૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ હતું, પરંતુ સદર દિને અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હતાં. અરજદારની અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા તેઓએ કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>—:: હુકમ ::—</u>

અપીલ અધિકારી,મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની રૂબરૂ આજરોજની સુનાવણી અને ઉપલબ્ધ રેકર્ડનો અભ્યાસ કરતા અરજદારની અરજીના મુદ્દા ૦૫ સિવાયના તમામ મુદ્દાઓની રેકર્ડ ઉપલબ્ધ માહિતી અરજદારને નિયત સમય મર્યાદામાં આપવામાં આવેલ હોય, મુદ્દા નં.૦૫ની માહિતી દિન–૦૭માં વિનામુલ્યે પુરી પાડવા અને તેની અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને હુકમ કરવામાં આવે છે.

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ તમામ પુરક પ્રશ્ન બાબતે અરજદારે નિયમ પ્રમાણે અલગ અરજી કરવાની રહેશે.

અરજદાર ઉપરના હુકમથી નારાજ હોય તો, હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર સચિવશ્રી ગુજરાત રાજ્ય માહિતી આયોગ, કર્મયોગીભવન, બ્લોક નં.૦૧, બીજામાળે, નિરમાભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને બીજી અપીલ કરી શકશે.

નં.એમ.સી.એચ./આઉટ/
તા. /૦૪/૨૦૧૫

અપીલ અધિકારી અને
મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર
(મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ)
(ડો.એચ.ડી.દુધવાલા)
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) શ્રી જનક ભુપેન્દ્રભાઈ ભટ્ટ, ૧૦૧, તીરૂમાલા એપાર્ટમેન્ટ, મણીયારા શેરી, મહીધરપુરા, સુરત–૩ તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.
૨) જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ પ્રતિ.... જાણ તથા અમલ માટે.
૩) આર.ટી.આઈ સેલ પ્રતિ... જાણ સારૂ.